# કામના સ્થળે આરોગ્ય અને સલામતી – ડબ્લ્યુએચએસ કાયદાઓ હેઠળ ફરજો

મોડેલ વર્ક હેલ્થ એન્ડ સેફ્ટી કાયદાઓ હેઠળ નોકરીદાતાઓએ કામના સ્થળે લોકોના આરોગ્ય, સલામતી અને કલ્યાણની કાળજી લેવી જરૂરી છે. તેમાં:

- કામના સ્થળે આરોગ્ય અને સલામતીને જોખમ ના હોય તેવું વાતાવરણ પૂરું પાડવું અને તેને જાળવી રાખવું
- કામદારોને તેમનું કામ કરતા હોય ત્યારે, તેમના કલ્યાણ માટે પર્યાપ્ત અને સુલભ સુવિધાઓ પૂરી પાડવી, અને
- કામદારોના સ્વાસ્થ્ય અને કામના સ્થળની સ્થિતિ પર નજર રાખવી, જેથી બિમારી કે ઈજા થતી અટકાવી શકાય, નો સમાવેશ થાય છે.

## કામદારો પ્રત્યેની ફરજ

તમારા કામદારોના આરોગ્ય અને સલામતી જળવાય રહે, તેની ખાતરી કરવાની તમારી ફરજ છે. તમારે COVID-19નો ચેપ લાગવાનું જોખમ દૂર કરવું જ જોઇએ અથવા જો તેમ કરવું શક્ય ના હોય તો, તમારે જોખમને શક્ય તેટલું ઘટાડવું પડશે.

કામદારોને COVID-19નો ચેપ લાગવાના જોખમ સામે રક્ષણ આપો, ઉદાહરણ તરીકે:

- ઘરેથી કામ કરવાની વ્યવસ્થાનું અમલીકરણ
- કામદારોને શારીરિક અંતર જાળવવાની અને સારી સ્વચ્છતા રાખવાની જરૂર હોવી
- કામદારોએ બીમાર હોય તો ઘરે રહેવું પડતું હોવું જોઇએ
- કામનું સ્થળ નિયમિતપણે અને સંપૂર્ણ રીતે સાફ થવું.

Coronavirus COVID-19

safe work australia

## કામના સ્થળે અન્ય લોકો પ્રત્યેની ફરજ

તમારા ધંધાનું કામ, ગ્રાહકો, અસીલો અને મુલાકાતીઓ જેવા અન્ય લોકોના આરોગ્ય અને સલામતીને જોખમમાં ન મૂકે, તે તમારે સુનિશ્ચિત કરવું જોઇએ.

અન્ય લોકોનું COVID-19ના સંપર્કમાં આવવાના જોખમ સામે રક્ષણ કરો, ઉદાહરણ તરીકે, તેમને નીચેનાનું પાલન કરાવો:

- સંપર્ક વિનાની માલસામન ઇ. વહેંચણી અને ચુકવણી સમેત શારીરિક અંતર જાળવી રાખવું
- સારી સ્વચ્છતા રાખવી, અને
- જ્યાં સુધી અત્યંત આવશ્યક ન હોય ત્યાં સુધી કાર્યસ્થાનથી દૂર રહેવું

## કામનું સ્થળ અને સુવિધાઓ જાળવી રાખવાની ફરજ

તમારે તમારા કામના સ્થળને એવું જાળવી રાખવું જોઇએ કે જેથી, કામના સ્થળનું વાતાવરણ કામદારોને અને અન્ય લોકો માટે COVID-19ના સંપર્કમાં આવવાનું જોખમ ઊભું ન કરે.

નીચેના ઉદાહરણો મુજબ કરીને કામના સ્થળનું સુરક્ષિત વાતાવરણ જાળવી રાખો:

- કામના સ્થળની નિયમિતપણે અને સંપૂર્ણ સફાઈ કરો
- કામના સ્થળનો ભૌતિક ફેરફારો કરીને શારીરિક અંતર રાખવાનું શક્ય બનાવો, અને
- કામના સ્થળે લોકોની સંખ્યામાં મર્યાદા સ્થાપિત કરો.

તમારે તમારા કામના સ્થળે પર્યાપ્ત સુવિધાઓ પણ પૂરી પાડવી પડશે, જેમકે:

- સાબુ, પાણી અને કાગળનાં રૂમાલો સાથેની હાથ ધોવાની સુવિધાઓ
- જ્યાં કામદારો માટે તેમના હાથ ધોવા શક્ય ના હોય ત્યાં હેન્ડ સેનીટાઇઝર, અને
- ચોખ્ખા અને જ્યાં શારીરિક અંતર જાળવવું શક્ય હોય તેવા, કામદારો માટેના ઓરડા (સ્ટાફ રૂમ).

કામદારોને, સુવિધાઓનો ઉપયોગ કરી શકે તે માટે, ખાસ કરીને તેમના હાથ ધોવા માટે, નિયમિત વિરામ આપો.

## માહિતી, તાલીમ, સૂચના અને દેખરેખ રાખવાની ફરજ

તમારે તમારા કામદારોને, તેમના કામ થકી COVID-19ના સંપર્કમાં આવવાના જોખમ સામે રક્ષણ માટે જરૂરી માહિતી અથવા તાલીમ આપવી જોઇએ.

તેમાં:

- યોગ્ય રીતે હાથ ધોવા અંગે માર્ગદર્શન
- કોઇ પણ જરૂરી સ્વસુરક્ષાના સાધનો કેવી રીતે પહેરવા અને ઉપયોગમાં લેવા તેની તાલીમ
- ક્યારે અને કેવી રીતે સફાઈ કરવી તેની તાલીમ
- ઘરમાં સુરક્ષિત કાર્યસ્થળ સ્થાપિત કરવા માટેની સૂચનાઓ, અને
- જો બીમાર હોય તો, ઘરે રહેવાની સૂચનાઓ, નો સમાવેશ થઈ શકે છે.

## સલાહ લેવાની ફરજ

તમારે COVID-19 સંબંધિત આરોગ્ય અને સલામતી બાબતમાં, તમારા કામદારો જોડે ચર્ચા કરવી જોઇએ અને કામદારોને તેમના વિચારો અને ચિંતાઓ વ્યક્ત કરવાની તક આપવી જોઇએ. વિચારોને ધ્યાનમાં લો અને ચર્ચાના પરિણામની કામદારોને જાણકારી આપો.

તમે જ્યારે નીચેનું કંઇક કરતા હો, તો કામદારો સાથે પરામર્શ કરો:

- જોખમની આકારણી હાથ ધરી હોય
- જોખમોના નિયંત્રણનું વ્યવસ્થાપન કરવા અંગે નિર્ણય લો, જેમકે, ઘરેથી કામ કરવાની વ્યવસ્થા અમલમાં મૂકવી, અથવા શારીરિક અંતર જાળવી રાખવા કામના સ્થળને મર્યાદિત કરતા હો
- કામના સ્થળે સુવિધાઓ અંગે નિર્ણય લેતા હો, અને

- કામદારોના આરોગ્ય અને સલામતીને અસર કરી શકે, તેવા બીજા ફેરફારોની દરખાસ્ત કરતા હો ત્યારે.

પરામર્શ દરમ્યાન સંમત થયેલ દરેક પ્રક્રિયાઓનું તમારે પાલન કરવું પડશે. જો ત્યાં આરોગ્ય અને સલામતી પ્રતિનિધિઓ હોય, તો તેમને તમારે પરામર્શમાં સામેલ કરવા જ જોઇએ.

## વધુ માહિતી

COVID-19 અને કામના સ્થળે આરોગ્ય અને સલામતી વિષે વધુ માહિતી માટે, Safe Work Australia website પર જશો.